

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ૩૪ મી.મી. વરસાદ વરસ્યો હતો. શામળાજી, સુનોખ, વાસેરાકંપા પંથકમાં મેઘમહેર મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળતાં ખેડુતો ખુશખુશાલ બન્યા હતા અને ભિલોડા તાલુકાના અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા સુનસર ગામ પાસે ડુંગરોમાંથી કુદરતી રીતે ઝરણાઓ વહેતા હોવાના કારણે લોકો દુર-દુરથી જોવા આવતા હોય છે.

અસહ્ય બફારા-ઉકળાટ બાદ અરવલ્લી જીલ્લામાં મેઘરાજાનું આગમન

કેટલાક સમયના વિરામ બાદ મેઘરાજાની પધરામણીથી ખેડુતો ખુશખુશાલ

મોડાસા, તા.૨૪

છેલ્લા બે દિવસથી સમગ્ર જીલ્લામાં અસહ્યફ ગરમી અને બફારો લાગવા માંડયો હતો. થોડા સમય પહેલા અરવલલી જીલ્લામાં મેઘરાજાએ મહેરબાની કર્યા બાદ વીરામ લીધો હતો. છેલ્લા કેટલાય સમયથી વરસાદે વીરામ લેતા ખેડુત આલમ ચિતીંત બન્યો હતો. વરસાદ વિના ગવાર, ડાંગર, કપાસ, વરીયાળી સહીતના અન્ય પાકો મુરઝાઈ રહયા હતા, ત્યારે છેલલા દોઢ સપ્તાહથી કાળજાળ ગરમીને લઈને લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. ત્યારે છેલલા બે દીવસથી સવારથી અસહ્ય ગરમી અને બફારાના કારણે લોકો હેરાન અને

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પરેશાન થઈ ગયા હતા. ત્યારે ગઈકાલે સાજના સુમારે કાળા ડીબાંગ વાદળા છવાતા જિલ્લાના ખેડુતો અને નગરજનો ખુશખુશાલ થઈ ગયા હતા. પરંતુ ગઈકાલે સાંજે કોક કોક જગ્યાએ જ મેઘરાજાએ પધરામણી કરી હતી ત્યારે આજરોજ સવારથી ફરીથી અસહ્ય બફારો અને ઉકળાટ મારવા લાગ્યો હતો. ત્યારે બપોરે મેઘરાજાએ જિલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ અને ધીલોડા પંથકમાં મેઘરાજા બે કલાક મનમુકીને વરસ્યા હતા. ત્યારે આ વીરામ બાદ ફરીથી મેઘરાજાએ આગમન કરતાં જગતનો તાત ખેડુત ફરીથી ખુશખુશાલ થઈ ગયો હતો.

બબ્બે પોલીસ મથક કાર્યરત છતાં ડીસાને તસ્કરી ગેંગે ધમરોળ્યું

એક જ રાતમાં ૭ મકાનો નિશાન બનાવ્યા : ચાર સોસાયટીમાં તસ્કરોનો આતંક : રૂ. ૪.૫૦ લાખ ઉપરાંતની ચોરી

ડીસા, તા. ૨૪

ડીસા શહેરમાં એક જ રાતમાં તસ્કરોએ ચાર સોસાયટીના મકાનોને નિશાન બનાવતા શહેરમાં ખોફનો માહોલ છવાયો હતો. તસ્કરોએ કુલ ચાર લાખ ઉપરાંતના માલમત્તાની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

ડીસા શહેરમાં કેટલાક સમયના વિરામ પછી પોલીસને ઉંઘતી રાખી તસ્કરોએ એક જ રાતમાં ચાર સોસાયટીમાં ૭ જેટલા મકાનોને નિશાન બનાવી તરખાટ મચાવી દીધો છે.તસ્કરોએ બે મકાનમાંથી સોના-ચાંદીના ઘરેણા અને રોકડ મળી રૂા. ૪.૩૦ લાખની ચોરી કરી ભાગી છૂટવામાં સફળ રહ્યા છે. જો કે અન્ય મકાનોમાંથી પણ નાની મોટી ચોરી કરવામાં તસ્કરો સફળ રહ્યા છે જયારે કેટલાક મકાનોમાં ચોરીના પ્રયાસો કર્યા છે. પરંતુ તે નિષ્ફળ નિવડયા છે. આમ એક જ રાત્રીમાં ૭ મકાન અને ૧ દુકાનને નિશાન બનાવી સમગ્ર શહેરને બાનમાં લેતા શહેરવાસીઓમાં ભયનો માહોલ છવાયો હતો. એક જ રાત્રે જુદા જુદા સ્થળે થયેલ ચોરીઓમાં એક જ ગેંગનું કારસ્તાન હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. જો કે શહેર વાસીઓના રક્ષણ માટે બબ્બે પોલીસ મથક કાર્યરત હોવા છતાંતસ્કર ટોળકીએ એક જ રાતની અંદર અડધા શહેરને ઘમરોળતા પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ હતી. લોકોના જણાવ્યા મુજબ ડીસામાં એક માંથી બે પોલીસ મથકોનુંવિભાજન થયુહોવા છતાં ચોરી, લૂંટ અને અન્ય ગુનાઓનુંપ્રમાણ જરા પણ ઘટયું નથી. એક જ રાતમાં થયેલ વિવિધ જગ્યાએ થયેલ. ચોરીની ફરિયાદો સંબંધિત પોલીસ મથકોમાં નોંધાવા પામી છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

કણાદર પાસે હાથમતી નદીમાં ડૂબતા ત્રણના મોત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કણાદર પાસે આવેલ હાથમતી નદીમાં શનિવારે મોડી સાંજે ત્રણ જણા તણાયા હતા જેમાં બે જણનો મૃતદેહ મળ્યો હતો જ્યારે ત્રીજો મૃતદેહ રવિવારે સવારે મળી આવ્યો હતો. જે અંગે વિજયનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત એવી છે કે કણાદર ગામના બચુભાઈ મોઘાજી રાવળ અને બાબુભાઈ થાવરાજી ભગોરા હાથમતી નદી પરના હનુમાનજી મંદિર પાસેના બેઠા પુલ પરથી શનિવારે મોડી સાંજે ૭ વાગે પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. ત્યારે તેમને શંકરભાઈ દેવજીભાઈ બરંડા બચાવવા પડ્યા હતા તે પણ તણાઈ ગયા હતા. આ અંગે તંત્રને જાણ થતાં ઈડર ફાયરબ્રિગેડ સ્થળ પર પહોંચી હતી. જ્યાં બચભાઈ રાવળ (ઉં.વ.૫૯)નો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યાર બાદ બીજો મૃતદેહની શોધખોળ કરતા રાત્રીના ૧૧ વાગે બાબુભાઈ ભગોરા (ઉં.વ.૫૫)નો મળી આવ્યો હતો. પરંતુ બચાવવા પડેલ શંકરભાઈ બરંડા (ઉં.વ.૩૫)નો મૃતદેહ રવિવારે સવારે શોધખોળ દરમિયાન ૧૧ વાગે મળી આવી હતી. આ અંગે વિજયનગર પોલીસમથકે જાણ થતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરના જશપુરીયા ગામે પતિના ત્રાસથી પત્નીએ અગ્નિસ્નાન કર્યું

મૃતક યુવતીના પિયરીયાવાળાઓનો સાસરીયા સામે હત્યાનો સંગીન આક્ષેપ

પાલનપુર, તા. ૨૪

પાલનપુર તાલુકાના જશપુરીયા ગામમાં સાસરે મોકલેલી યુવતીએ પોતાના પતિના ત્રાસથી સળગીને આત્મહત્યા કરી લીધી હતી. જો કે મોડે સુધી સાસરીયાઓએ યુવતીના પરિવારજનોને જાણ ન કરતા મૃતક યુવતીના પરિવારજનોએ સાસરીયા સામે હત્યાના સંગીન આક્ષેપો લગાવ્યા હતા. પાલનપુર સિવિલ પરિસર યુવતીના પરિવારજનોના કરૂણ કલ્પાંતથી દ્રવી ઉઠ્યું હતું. પાલનપુર તાલુકાના ખોડલા ગામની દલિત સમાજની પાર્વતીબેનના લગ્ન ચારેક વર્ષ અગાઉ જસપુરીયા ગામના પરમાર સુરેશભાઈ લવજીભાઈ સાથે થયા હતા. દારૂ પીવાની ટેવવાળો સુરેશ ઘરમાં દારૂ પીને ધમાલ કરતો હતો. શુક્રવારની રાત્રે પતિ પત્નિ વચ્ચે દારૂ પીવાની બાબતે બોલાચાલી થઈ અને આખરે કંટાળી પાર્વતીએ પોતાના શરીર પર કેરોસીન છાંટી અગન પિછોડી ઓઢી લીધી હોવાના મૃતક પરણિતાનાં પરિવારજનોએ આક્ષેપ કર્યા છે. તો આ તરફ સવારે ચાર વાગે અમદાવાદથી પાલનપુર સિવિલમાં આવેલા યુવતીના પરિવારજનોએ યુવતીના મોતના સમાચાર સાંભળી પોતાની પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ હોય તેવો એહસાસ કર્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મોડેથી જ્યારે પોલીસે આવીને પરિવારજનોના નિવેદન લીધા ત્યારે માહોલ તંગ બની ગયો હતો. અને યુવતીના પરિવારજનોએ સાસરિયા વિરૂદ્ધ ભારે રોષ પ્રગટ કર્યો હતો. પરિવારજનોનો આક્ષેપ હતો કે તેમની દીકરીને મારી નાખવામાં આવી છે તો આ તરફ પોલીસ જ્યારે જીવીત હાલતમાં પાલનપુર સિવિલમાં લાવવામાં આવી ત્યારે પાર્વતીનું નિવેદન લીધું ત્યારે તેણે પોતાની પતિના ત્રાસથી કેરોસીન છાંટી આત્મહત્યા કરી હોવાનું પોલીસને પોતાના મરણોન્મુખ નિવેદનમાં જણાવ્યું હતું જેના આધારે પોલીસે તેના પતિ સુરેશભાઈ લવજીભાઈ પરમાર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ભાભર ખાતે નિર્માણાધીન સરકારી હોસ્પિટલની રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરીએ મુલાકાત લીધી હતી. અને થઈ રહેલ કામનું નિરીક્ષણ કર્યું હતું. સાથે પાટણના સાંસદ લીલાધરભાઈ વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુરમાં તમાકુ-સોપારીની ચોરી કરતા બે તસ્કરો ઝડપાયા

પાલનપુર, તા. ૨૪

પાલનપુર શહેરના સીટીલાઈટ સીનેમા માર્ગપર શિતલ શોપિંગ સેન્ટરમાં એક વેપારીના ગોડાઉનમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ગોડાઉનમાં તાળા તોડી રૂ. ૧.૮૦ લાખની મત્તાનો પાન-મસાલા, તમાકુ સોપારીનો જથ્થો લઈ ગયા હતા. આ સંદર્ભે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરમાં સીટી લાઈટ સીનેમા માર્ગ પર શિતલ શોપીંગ સેન્ટર આવેલું છે. જ્યાં વેપારી લક્ષ્મીચંદ પટેલનું એક માલ સામાન મુકવાનું ગોડાઉન આવેલું છે. ગત રોજ કેટલા ચોર ઈસમોએ અંધારાનો લાભ લઈ ગોડાઉનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને પાન, મસાલા, તમાકુ અને સોપારીનો કિંમત રૂ. ૧.૮૦ લાખનો જથ્થો ચોરી કરી લઈ ગયા હતા.

ચોરી અંગે વેપારીને જાણ થતા તેને ચોરી સંદર્ભે જૂના લક્ષ્મીપુરાના સંજય પટેલ સામે પૂર્વ શહેર પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે તેની અટકાયત કરી હતી અને વધુ પુછપરછ હાથ ધરતા ચોરી કરેલ માલ ડીસા નજીક લાખણીના વાસણા ખાતે તેના સાથીદાર લાભુ રાવળની પાસે મુક્યો હોવાની કબુલાત કરી હતી. આથી પોલીસે બન્ને આરોપીની અટકાયત કરી ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરતા કોર્ટે રીમાન્ડ મંજૂર કર્યા હતા.

...અનેક રજૂઆત છતાં નગરપાલિકાતંત્ર હજુ નિંદ્રામાં

ખેડબ્રહ્માના અંતિમધામમાં સગળીના અભાવે અંતિમવિધિમાં ભારે હાલાકી

ખેડબ્રહ્મા શહેરમાં સ્થિત અંતિમધામમાં સગળીના અભાવે મૃતદેહની અંતિમવિધિમાં મૃતકના પરિવારજનો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે અને જિલ્લા વહીવટીતંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કરી તાત્કાલિક ધોરણે અંતિમધામની સગળી રીપેરીંગ કરવા માંગણી કરી રહ્યા છે. સત્વરે આ અંગે કોઈ પગલા નહી લેવાય તો ગાંધી માર્ગે આંદોલન કરવાની ચિમકી બનેલી અંતિમધામની સગળી નજરે ચડતી જ નથી, પરિણામે દરરોજ અંતિમધામમાં મૃતકની અંતિમવિધિ માટે આવતા પરિવારજનોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે. છેલ્લા કેટલાક સમયથી બિસ્માર અને બિન ઉપયોગી આવતો પરંતુ હાલ ચોમાસાની સીઝનમાં સગળી ન હોવાથી મૃતકના પરિવારજનોને મૃતદેહને ખુલ્લી જગ્યામાં ભીના લાકડા અને ભેજવાળા વાતાવરણમાં અગ્નિદાહ ઉચ્ચારી છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અનેક વિકાસકામોને મંજુરી આપી રાજ્ય સરકાર અને સ્થાનિક નગરપાલિકાતંત્રના કહેવાતા હોદ્દેદારો જશ લઈ રહ્યા છે ત્યારે વિકાસની વાતો કરતા નગરપાલિકાતંત્રને છે. સામાન્ય રીતે શિયાળા અને ઉનાળામાં વાંધો નથી આપવાનો વારો આવ્યો છે. બીજી તરફ ભીના લાકડાને લઈને પણ ચિતા સળગતા કલાકોની રાહ જોવી પડે છે. જેને લઈ સ્થાનિકજનોમાં ભારે આક્રોશ સાથે સત્વરે અંતિમ ધામ સગળીની યોગ્ય સુવિધા કરવા માંગણી કરી રહ્યા છે.

પ્રાંતિજ ખાતે વીજ વપરાશકારો માટે લોક દરબાર યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકામાં યુજીવીસીએલ કંપની દ્વારા ખેડૂતોનો લોક દરબાર યોજાતા કેટલાક કિસ્સામાં તંત્રને રજીસ્ટર એડીથી મોકલેલ ફરિયાદો ધ્યાને ન લેવાતા કિસાનોના આક્ષેપ પ્રતિઆક્ષેપથી હોબાળો મચી જવા પામ્યો હતો.

સરકારના અભિગમ પ્રમાણે વીજવપરાશકારોના પ્રશ્નોના ત્વીરત નિકાલ માટે વીજવપરાશકારો માટે લોકદરબાર યોજાયો હતો. ઓરાણ ગામથી ૧૧ કવીના લાઈનના પ્રશ્ન માટે ગોવિંદભાઈ પટેલે રજી પોસ્ટ એડીથી ફરિયાદ કરી હતી. છતા આ બાબતે કોઈ ધ્યાન ન અપાતા ભારે ઉહાપોહ થયો હતો. જયારે વીજકંપનીના અધિકારીઓએ અધ્ધરતાલ જવાબ આપતા માહિતી છુપાવવાના આક્ષેપો થયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦